# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

❍ ઘરમાં સુખ-શાંતિ-સમાધિ જોઇએ છે ? તો
**Once in a week Meeting :** ❍

❍ લેખક ❍


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

## ઘરમાં સુખ-શાંતિ-સમાધિ જોઇએ છે ? તો Once in a week Meeting :

The purpose of a family meeting is to faster open communication among family members.

ઘરનાં વ્યક્તિઓ સાથે પ્રેમથી વર્તવું. નાના-મોટા કોઇપણ હોય, નાનાને કામ આપો અને મોટાને માન આપો. ઘરમાં વ્યક્તિઓ સાથે અણબનાવ વારંવાર બનતો હોય છે. તેથી અસમાધિ વારંવાર થાય છે તે દૂર કરવા અઠવાડિયામાં ૧ મિટીંગ બધાની સાથે પ્રફુલ્લિત વાતાવરણમાં રાખવી જોઇએ. જેમાં બધા સાથે બેસીને વાતો કરે. તેમાં નાનાને ખાસ બોલવા પ્રોત્સાહિત કરવા જોઇએ. વડીલે અવસરે બોલવું, મુક્ત મને ચર્ચા કરવી તેનાથી ઘરના બધાની વચ્ચે સંવાદ થાય અને આત્મીયતા બંધાય. એક પ્રસન્નતાનું વાતાવરણ બની જાય. નીચે મિટીંગ કરવાથી થતા ફાયદા બતાવ્યા છે.

(૧) એકબીજાના કાર્યોની પ્રશંસા થશે. (૨) ભૂલોનો એકાકાર થશે. (૩) ખોટા વિકલ્પોના ખુલાસા થશે. (૪) સમૂહ પ્રાર્થના (૫) વ્યક્તિના પ્રશ્નોના સમાધાન મળશે. (૬) વિચારોની ખુલ્લા હૃદયે વિચારણા થશે. (૭) એકબીજાની નિંદા ન થાય અને શંકા પણ ન રહે. (૮) આરોગ્યની કાળજી લેવાશે. (૯) બીજાને લાભ વધુ મળે તેવી ભાવનાની વૃદ્ધિ થાય છે. (૧૦) સહનશક્તિ વધશે. (૧૧) કંઇક સાચું પરિણામ મળે તો તે વ્યક્તિની બધાની વચમાં પ્રશંસા-અનુમોદના થાય છે. (૧૨) સંગઠન ૧-૧૧-૧૧૧ જેમ સંખ્યા વધારે તેમ Unity વધે સહકુટુંબની ભાવના પેદા થાય. (૧૩) ધર્મની વિચારણા થશે. (૧૪) બીજાના સુકૃતોની અનુમોદના થશે. (૧૫) સંયુક્ત પરિવારના લાભો ઘણા છે તેની અનુભૂતિ

થશે. (૧૬) પરિવાર માટે ઘસાઇ ચૂકવાની ભાવના થશે. (૧૭) પરિવારની વાતો પરિવારમાં રહે બહાર ન જાય. (૧૮) આદર્શ કુટુંબ સંઘમાં જણાય.

Household chores : Good for children, good for your family.

Doing chores helps children learn about what they need to do to care for themselves, a home and a family.

Family councils help children learn to voice their opinions respectfully, makes responsible, learn problem – sowing skills and make decisions co-operatively with others.